દાખલ તારીખ:-૧૮/૧૧/૨૦૨૫
રજીસ્ટર તારીખ:-૧૮/૧૧/૨૦૨૫
ફેંસલ તારીખ:-૧૧/૦૫/૨૦૨૬
સમયગાળો :- વર્ષ- માસ- દિવસ
૦૦- ૦૫-૨૩

**મે.ભાવનગરનાં અધિક જિલ્લા ન્યાયધિશ(કુ.આર.એ.નાગોરી)સાહેબની કોર્ટમાં, મુ.તળાજા**
**પરચુરણ ફોજદારી અરજી નં. ૨૮૧/૨૦૨૫**
**આંક –**

**અરજદાર**
ડોડીયા બળવંતભાઈ બી.
રહે. ઝાંઝમેર, તા. તળાજા, જી. ભાવનગર.

**વિરૂધ્ધ :-**

**સામાવાળા:-**
શ્રી સરકાર

**બાબત :- લીમીટેશન એકટની કલમ- ૫ અન્વયે અપીલ દાખલ કરવામાં થયેલ વિલંબ માફ કરવા બાબત અરજી.**
**અરજદાર તરફે જાતે**
**સામાવાળા તરફે (૧) વિ. એ.જી. પી. શ્રી વી. જી. માંડલીયા**
**(૨) વિ. એ.જી. પી. શ્રી આર. એચ. ખલ્યાણી**

**-:: જજમેન્ટ ::-**

(૧) અરજદારે ફો. કે. નં. ૧૬૯૦/૨૦૧૭ ના કામે તળાજાના મહે. એડીશ્નલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રી એ તા. ૩૦/૭/૨૧ ના રોજ કરેલ ક્રિ. પ્રો. કોડની કલમ- ૨૯૯ મુજબના હુકમ તથા તા. ૦૪/૦૩/૨૩ ના રોજ કરેલ એબેટેડ હુકમ વિરૂધ્ધ અપીલ દાખલ કરવામાં થયેલ વિલંબ માફ કરવા માટે હાલની અરજી કરી, અરજ ગુજારેલ છે.

(૨) અરજદારની અરજીની હકીકત એ મુજબ છે કે,

તળાજાના મહે. એડીશ્નલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રી ( જેનો ઉલ્લેખ હવે પછી આ હુકમમાં ''નામદાર ટ્રાયલ કોર્ટ '' તરીકે કરવામાં આવેલ છે.) નાઓએ ફો. કે. નં. ૧૬૯૦/૧૭ ના કામે આંક ૧ લગત તા. ૩૦/૭/૨૧ ના રોજ ક્રિ. પ્રો. કોડની કલમ-૨૯૯ મુજબનો હુકમ તેમજ તા. ૪/૩/૨૩ ના રોજ એબેટેડ હુકમ કરેલ છે, જે હુકમ સામે અરજદારે નામદાર ટ્રાયલ કોર્ટમાં છેલ્લા અઢી વર્ષમાં ૯૦ થી ૧૦૦ રજી. એડીથી રજુઆતો કરેલ છે. આમ છતાં, નામદાર

ટ્રાયલ અદાલતે એબેટેડના હુકમ સામે કોઈ તપાસ પગલા લીધેલ નથી અને તેના કારણે અરજદારનો અઢી વર્ષનો સમય વ્યતિત થઈ ગયેલ છે અને અરજદારને અપીલ કરવામાં વિલંબ થયેલ છે. વધુમાં, અરજદારની આર્થિક પરિસ્થિતિ સારી ન હોઈ, અરજદાર પાસે કોઈ વકીલશ્રી નથી. નામદાર ટ્રાયલ કોર્ટે ફો. કે. નં. ૧૬૯૦/૧૭ ના કામે આંક ૧ લગત કરેલ ક્રિ. પ્રો. કોડની કલમ–૨૯૯ મુજબનો હુકમ તેમજ એબેટેડ હુકમ ખોટા અને ઉપજાવી કાઢેલ છે. જેથી, અરજદારે સદર હુકમ વિરૂધ્ધ અપીલ કરવાની હોઈ, સદર હુકમ વિરૂધ્ધ અપીલ દાખલ કરવામાં થયેલ વિલંબ માફ કરવા માટે હાલની અરજી કરી, અરજ ગુજારેલ છે.

(૩) અરજીના કામે અરજદાર તરફે આંક ૯ થી લેખિત દલીલ તથા આંક ૮ થી દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે. વધુમાં, અરજદાર તરફે મૌખિક રજુઆત કરેલ છે, જયારે સામાવાળા તરફે વિ. એ. જી. પી. શ્રી વી. જી. માંડલીયાની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે.

(૪) અરજદાર તરફે થયેલ લેખિત તેમજ મૌખિક રજુઆત મુજબ તેઓની રજુઆત છે કે, નામદાર ટ્રાયલ કોર્ટે ફો. કે. નં. ૧૬૯૦/૧૭ ના કામે આંક–૧ લગત ક્રિ. પ્રો. કોડની કલમ–૨૯૯ મુજબનો તા. ૩૦/૭/૨૧ ના રોજ હુકમ કરેલ છે તથા એબેટેડ હુકમ તા. ૦૪/૦૩/૨૩ ના રોજ કરેલ છે. સદર બંને હુકમની અરજદાર/ફરીયાદીને કોઈપણ પ્રકારની જાણ કરવામાં આવેલ નથી. જેથી, અપીલનો સમય પૂર્ણ થઈ ગયેલ છે. સદર બંને હુકમો તદન ઉપજાવી કાઢેલા છે અને તે વિરૂધ્ધ મજબુત પુરાવા શોધવા અરજદારે ખુબ મહેનત કરેલ છે. જેમાં, અરજદારને નામદાર ટ્રાયલ કોર્ટનો તા. ૧૨/૧૨/૨૫ નો પત્ર મળેલ છે, જે મુજબ બંને હુકમોના આધાર મળતા ન હોવાની માહીતી નામદાર ટ્રાયલ અદાલત તરફથી આપવામાં આવેલ છે. જેથી, સી. આર. પી. સી. ની કલમ ૨૯૯ નો હુકમ તથા એબેટેડ હુકમ ઉપજાવી કાઢેલ હોવાનું ફલિત થતું હોઈ તે બંને હુકમ રદ થવા પાત્ર હોઈ, સદર બંને હુકમો વિરૂધ્ધ અપીલ દાખલ કરવા માટે થયેલ વિલંબ માફ કરવા અરજ કરેલ છે.

(૪.૧) અરજીના કામે સામાવાળા તરફે વિ. એ. જી. પી. શ્રી વી. જી. માંડલીયાની રજુઆત છે કે, અરજદાર ફો. કે. નં. ૧૬૯૦/૧૭ ના કામે કોર્ટમાં હાજર રહેતા હોઈ, સદર કેસના કામે નામદાર ટ્રાયલ અદાલતે આંક ૧ લગત કરેલ ક્રિ. પ્રો.કોડની કલમ– ૨૯૯ ના હુકમ તથા એબેટના હુકમની પ્રથમથી જ અરજદારને જાણ હોવાની હકીકત અરજદારની અરજી ઉપરથી જ ફલીત થાય છે. આમછતાં, અરજદારે સમયમર્યાદામાં તેવા હુકમ વિરૂધ્ધ અપીલ દાખલ કરેલ નથી. અરજદારની અરજીમાં વિલંબ માફીનું કોઈ કારણ જણાવેલ નથી. ફો. કે. નં. ૧૬૯૦/૧૭ ના કામે ક્રિ. પ્રો. કોડની કલમ– ૨૯૯ના હુકમ તથા એબેટના હુકમ ખોટા છે તેવું કારણ માત્ર વિલંબ માફી માટેનું યોગ્ય કારણ નથી. જેથી, સદર તમામ હકીકત ધ્યાને લઈ, અરજદારની વિલંબ માફની અરજી રદ કરવા અરજ ગુજારેલ છે.

(૫) પક્ષકારોની રજુઆત તથા સમગ્ર રેકર્ડ લક્ષમાં લીધા. સદર કામે અરજદાર તરફે નામદાર ટ્રાયલ અદાલતે ફો. કે. નં. ૧૬૯૦/૧૭ ના કામે આંક ૧ લગત કરેલ ક્રિ. પ્રો.કોડની કલમ– ૨૯૯ ના હુકમ તથા એબેટના હુકમ વિરૂધ્ધ અપીલ દાખલ કરવામાં થયેલ વિલંબ માફ કરવા માટે હાલની અરજી કરવામાં આવેલ છે. સદર અરજીમાં અરજદારે જણાવેલ છે તે મુજબ તેઓને સદર બંને હુકમની નામદાર કોર્ટ તરફથી કોઈ જાણ કરવામાં આવેલ ન હોઈ, અરજદાર તેવા હુકમ વિરૂધ્ધ સમયમર્યાદામાં અપીલ કરી શકેલ નહી. જો કે, અરજદારની સદર રજુઆતના અનુસંધાને અરજીની હકીકત ધ્યાને લેતાં, અરજદારે સદર હુકમ વિરૂધ્ધ નામદાર ટ્રાયલ અદાલતમાં તેમજ અલગ અલગ ઓથોરીટી સમક્ષ ૯૦ થી ૧૦૦ વાર રજીસ્ટર પોસ્ટથી રજુઆત કરેલ હોવાનું ફલીત થતું હોઈ, નામદાર ટ્રાયલ અદાલતના તકરારી હુકમની અરજદારને જાણકારી ન હોવાની અને તે કારણસર તેવા હુકમ વિરૂધ્ધ અપીલ દાખલ કરવામાં વિલંબ થયેલ હોવાની અરજદારની રજુઆત ગ્રાહય રાખી શકાય તેમ નથી.

વધુમાં, અરજદારની રજુઆત છે કે, અરજદારે એબેટેડના હુકમ વિરૂધ્ધ નામદાર ટ્રાયલ અદાલતમાં તપાસ, પગલા બાબતે અવાર–નવાર રજુઆત કરેલ હોવાછતાં, નામદાર ટ્રાયલ અદાલતે તેવા હુકમ વિરૂધ્ધ કોઈપણ પગલા લીધેલ નથી અને તે અંગેની રાહ જોવામાં અઢી વર્ષનો સમય વ્યતિત થઈ ગયેલ છે. જો કે, અરજદારની સદર રજુઆત અનુસંધાને રેકર્ડ લક્ષમાં

લેતાં, જો અરજદારે તકરારી હુકમ વિરૂધ્ધ અપીલ દાખલ કરવાની હોય તો તે અંગે નામદાર ટ્રાયલ અદાલતમાં કોઈ રજુઆત કરવાની હોતી નથી, પરંતુ તે બાબતે એપેલટ અદાલતમાં કાયદા અનુસાર કાર્યવાહી કરવાની હોય છે. જેથી, નામદાર ટ્રાયલ અદાલતના કારણે જ તકરારી હુકમ વિરૂધ્ધ અપીલ દાખલ કરવાનો સમય વ્યતિત થઈ ગયેલ હોવાની અરજદાર તરફે થયેલ રજુઆત ગ્રાહય રાખી શકાય તેમ નથી.

વધુમાં, અરજદાર તરફે રજુઆત કરવામાં આવેલ છે કે, તેઓની આર્થિક પરિસ્થિતિ સારી ન હોઈ તેઓના કોઈ વકીલશ્રી નથી. જો કે, અરજદાર આર્થિક રીતે સક્ષમ ન હોય તો પણ તેઓ કાયદાકીય જોગવાઈને આધિન કાનુની સહાય મેળવીને તકરારી હુકમ વિરૂધ્ધ સમય મર્યાદામાં અપીલ દાખલ કરી શકયા હોત. જો કે, અરજદાર તરફે વકીલશ્રી સબંધે કાનુની સહાય મેળવવા માટે કોઈ અરજી કરવામાં આવેલ નથી. સદર હકીકત ધ્યાને લેતાં, અરજદારને કોઈ કાનુની સહાય ન હોવાના કારણસર અરજદાર સમયમર્યાદામાં તકરારી હુકમ વિરૂધ્ધ અપીલ દાખલ કરી શકેલ ન હોવાનું માની શકાય તેમ નથી.

(૫.૧) નામદાર સર્વોચ્ચ અદાલતે તથા નામદાર ગુજરાત હાઈકોર્ટે તેઓના વિવિધ ચુકાદામાં વિલંબ માફી સબંધે પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો ધ્યાને લેતાં, જો વિલંબ માફીની અરજીમાં વિલંબ માફી અંગેના પુરતા કરણો જણાવેલ હોય ત્યારે અદાલતે અપીલ દાખલ કરવા સંબધે થયેલ વિલંબ માફ કરવા બાબતે ઉદારતા પુર્વક વલણ અપનાવવું જોઈએ. અપીલ અદાલતે યાંત્રીક રીતે વિલંબ માફીની અરજી નામંજુર કરવી જોઈએ નહી. આમ, વિલંબ માફી અંગેના નામદાર સર્વોચ્ચ અદાલત તથા નામદાર ગુજરાત હાઈકોર્ટે પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેતાં, વિલંબ માફી માટે '' **પુરતુ કારણ** ''હોવું જરૂરી છે. સદર કામે અરજદારની અરજીની હકીકત અને મૌખિક તેમજ લેખિત રજુઆત ધ્યાને લેતાં, અરજદારને ક્રિ. પ્રો. કોડની કલમ ૨૯૯ ના હુકમ તથા એબેટેડના હુકમ વિરૂધ્ધ અપીલ દાખલ કરવામાં અનુક્રમે સાડા ચાર વર્ષ તેમજ અઢી વર્ષ જેટલો વિલંબ થયેલ હોવાનું જણાઈ આવે છે. સદર વિલંબ બાબતે અરજદારને ઉપર ચર્ચા કરેલ છે તે મુજબ કોઈ પુરતુ કારણ રહેલ હોવાનું જણાઈ આવતુ નથી. સદર કામે અરજદારને તકરારી હુકમોની જાણકારી પ્રથમથી જ હોવાનું સ્પષ્ટપણે જણાઈ આવે છે.

આમછતાં, અરજદાર તરફે તેવા હુકમ વિરૂધ્ધ અપીલ દાખલ કરવામાં સદંતર નિષ્ક્રિય રહી ગંભીર પણે બેદરકારી દાખવેલ હોવાનું જણાઈ આવે છે. જો પક્ષકારે અપીલ દાખલ કરવામાં જાણી જોઈને વિલંબ કરેલ હોય અગર તો પક્ષકારની નિષ્કાળજી અને ખંતના અભાવે વિલંબ થયેલ હોય તો તેવો વિલંબ માફ કરી શકાય નહી.

જેથી, ઉપરોકત વિસ્તૃત ચર્ચા કર્યા મુજબના કારણોને ઘ્યાને લેતાં, અરજદારને તકરારી હુકમો વિરૂધ્ધ અપીલ દાખલ કરવામાં થયેલ વિલંબ માફ કરવા માટેનું કોઈ સબળ કારણ હોવાનું જણાઈ આવતુ ન હોઈ તેમજ સદર હુકમો વિરૂધ્ધ સમયમર્યાદામાં અપીલ દાખલ કરવામાં અરજદાર તરફે ઘોર બેદરકારી રહેલ હોઈ, અરજદારની હાલની વિલંબ માફીની અરજી મંજુર થવા પાત્ર ન હોઈ, અરજી લગત ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**હુકમ**

અરજદારની હાલની વિલંબ માફીની આથી અરજી નામંજૂર કરવામાં આવે છે.

ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

આ હુકમ આજરોજ તારીખ–૧૧ મી, માહે– મે, સને–૨૦૨૬ નાં રોજ ખૂલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરીને જાહેર કર્યો.

તા.૧૧/૦૫/૨૦૨૬
સ્થળ–તળાજા

(આર.એ.નાગોરી)
એડીશ્નલ ડિસ્ટ્રીકટ જજ,
ભાવનગર,મુ.તળાજા
જી.જે. ૦૦૫૭૮